રજુ તારીખઃ– ૦૬/૦૩/૨૦૨૪

દાખલ તારીખઃ– ૦૬/૦૩/૨૦૨૪

ફેસલ તારીખઃ– ૦૯/૦૩/૨૦૨૪

અવધિ : વર્ષ : માસ : દિવસ :

**ગઢડાના મહેરબાન જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની અદાલતમાં.**

**ફો.કે.નં.૫૩૬/૨૦૨૪**

આંક–

શ્રી સરકાર. .......ફરીયાદી.

વિરુધ્ધ

૧. મેરુભાઈ કાંતીભાઈ વઢીયાળા, ઉ.વ.૨૬
રહે.ગઢડા, તા.ગઢડા, જી.બોટાદ

......આરોપી.

**ગુન્હોઃ– મોટર વ્હીલ એકટની કલમ –૧૮૫ તથા પ્રોહીબીશન એકટ કલમ ૬૬(૧)બી**

**ચુ કા દો**

**૧.** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે, આરોપીએ ચાર્જશીટ મા જણાવેલ સ્થળ, સમય અને તારીખે પોતાના હવાલા વાળુ વાહન આડી અવળી ચલાવી આવતા હોય જેથી તેને રોકી ઉભો રખાવી મજકુર ઈસમને ચેક કરતા મજકુર ઈસમે કેફી પીણુ પીધેલ હોય મજકુર ની આખો જોતા નશા યુકત જોવામાં આવેલ મજકુરને હલાવી ચલાવી જોતા હલાવી ચલાવી જોતા ચાલી શકતો ન હોય અને કેફી પીણુ પીધેલ હાલતમાં હોય મજકુરને કેફી પીણુ પીવા અંગે પાસ પરમીટ માંગતા પાસ પરમીટ નહી હોવાનુ જણાવી મોટર વ્હીકલ એકટની કલમ ૧૮૫ તથા પ્રોહીબીશન એકટ કલમ ૬૬–૧–બી મુજબના ગુના અન્વયે હાલના આરોપીની અટક કરેલી અને તપાસના અંતે પુરતો પુરાવો મળી આવતા, આરોપી વિરુધ્ધ એમવીએ કલમ–૧૮૫ તથા પ્રોહીબીશન એકટ કલમ ૬૬–૧–બી મુજબના ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા સારુ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૧૭૩ અન્વયે ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ રાખેલ છે.

**૨.** આજરોજ આરોપી હાજર થતા પ્રથમ તેઓને વિના મુલ્યે પોલીસ પેપર્સની નકલ પુરી પાડવામાં આવેલ છે અને આરોપીની **આંક–૪** મુજબ પ્લી નોધતા, આરોપીએ ગુન્હાનો સ્વૈચ્છિક સ્વિકાર કરેલ છે. અને **આંક–૩** થી આરોપીએ તેમની સામેનો ગુન્હો કબુલ હોવાનુ પુરસીસથી જાહેર કરેલ છે આરોપી જયારે ગુન્હાની કબુલાત કરતા હોય ત્યારે સ્વિકૃતિથી વિશેષ કોઈ પુરાવો ન હોય, સદર હકીકત નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી.

૩.	આ કામમાં આરોપી તરફેના વિ.વ.શ્રીએ રજુઆત કરતા જણાવેલ છે કે, આરોપીનો પ્રથમ ગુન્હો છે, આરોપી સામાન્ય વર્ગના માણસ છે, કુંટુબના જવાબદાર વ્યકિત છે, ભવિષ્યમા ફરી આવો ગુન્હો નહી બને તેની પુરતી કાળજી રાખશે, જેથી રહેમ રાખવા અરજ કરેલ છે.

૪.	રેકર્ડ વંચાણે લેતા તેમજ આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતા આરોપીએ જણાવેલ છે કે, તેમનો આ પ્રથમ ગુન્હો છે, કુંટુંબની તમામ જવાબદારી તેમના શીરે છે, ગરીબ માણસ છે, ભવિષ્યમાં આવો ગુન્હો નહી કરવાની ખાતરી આપે છે. ગુન્હા બદલ પોતાનો પસ્તાવો જાહેર કરે છે. આરોપીની કબુલાત તેમના  વિરુધ્ધનો પુરાવો ગણાશે તેવી સ્પષ્ટ સમજ આપવા છતાં આરોપીઓ રાજી–ખુશી અને સ્વેચ્છાએ ગુન્હાની કબુલાત કરતા હોય સદર કબુલાત સ્વિકારવામાં આવેલ છે. વધુમાં આરોપીની સ્થિતિ ધ્યાને  લેતા  તેમજ ગુન્હાનો પ્રકાર, સજાની જોગવાઈ ધ્યાને લઈ તેમજ આરોપીની ગુન્હા કબુલાત પુરસીસ તથા ગુન્હા કબુલાતની પ્લી અને કેસની હકીકત વંચાણે લેતા આરોપી સામેનો એમવીએકટની કલલમ ૧૮૫ મુજબનો ગુન્હો હું સાબીત થયેલો ગણુ છુ અને તે હકીકત માન્ય રાખી નીચે મુજબ હુકમ કરવો ન્યાયી, વ્યાજબી અને ઉચિત જણાતુ હોય નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છે.

**આ ખ રી  હુ ક મ**

૧.	ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૫૨ અન્વયે આ કામના  આરોપીને મોટર વ્હીકલ એકટની કલમ –૧૮૫ મુજબના શિક્ષાનેપાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને  આરોપીને મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫ ના શિક્ષાપાત્ર ગુન્હાના ભંગ  આરોપીને **રૂા. ૨૦૦૦/–  (અંકે રૂપિયા બે હજાર પુરા)** નો દંડ તથા પ્રોહીબીશન એકટ કલમ ૬૬–૧–બી ના શીક્ષાપાત્ર ગુન્હના ભંગ બદલ **રૂા.૩૦૦/–** નો દંડ એમ કુલ **રૂા.૨૩૦૦/–** નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દડંની રકમ ભરપાઈ કરવામાં કસુર કરે તો  આરોપીને  **દિવસ–  ૧૫** ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

૨.	આ કામે કબજે કરેલ મુદામાલ વાહન મુળ માલીક ની ખરાઈ કરી પરત સોંપવાનો હુકમ કરવામા આવે છે તથા છ માસ દરમ્યાન કોઈ ઈસમ ધ્વારા કલેઈમ કરવામા ન આવે તો તેની હરાજી કરી નાણા સરકાર જમા કરવાનો હુકમ કરવામા આવે છે.

ચૂકાદો આજ રોજ તા.૦૯/૦૩/૨૦૨૪ ના રોજ લોક અદાલતમાં વાચી,  સંભળાવી, મારી સહી–સિકકો કરી જાહેર કર્યો.

તા.૦૯/૦૩/૨૦૨૪
ગઢડા

(આર.એલ.ત્રિવેદી)
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
ગઢડા, જી. બોટાદ
GJ00562